જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૧૨/૨૦૨૦ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૧૦૪/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૫/૧૨/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૯૧૫ | 3 | ૧૦૯૧૮ | ૧૭૦૪૪ | 3 | ૧૭૦૪૭ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૫૩૪ | ૨૦ | ૪૫૫૪ | ૬૦૫૫ | ૨૦ | ૬૦૭૫ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૬ | ૦ | ૫૬ | ૨૩૪ | ૦ | ૨૩૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૭૫૯૧ | ૨૮૮ | ૧૭૮૭૯ | ૧૮૫૫૨ | ૩૨૦ | ૧૮૮૭૨ |
| કુલ | | ૩૩૦૯૬ | ૩૧૧ | ૩૩૪૦૭ | ૪૧૮૮૫ | ૩૪૩ | ૪૨૨૨૮ |

| પત્રક-૨ | | | |
| --- | --- | --- | --- |
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૬૩ | ૧૨,૯૮,૧૦૦/- |

| પત્રક-૩ | | | |
| --- | --- | --- | --- |
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૨૬૦ | ૩૨,૬૦,૦૦૦/- |

# જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## સરદારનગર પોલીસ સ્ટેશન

### જુગારનો ગણના પાત્ર કેસ પકડી પાડતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર-૨ નાઓ તથા નાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૦૪ સાહેબ તથા મદદનીશ પોલીસ.કમીશ્નરશ્રી " જી" ડીવીજન સાહેબ નાઓ તરફથી પ્રોહી જુગારની પ્રવૃત્તી નેસ્ત-નાબુદ કરવા અંગેની સુચના આધારે પોલીસ ઇન્સપેકટર સરદારનગર પોલીસ સ્ટેશન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પો.સબ.ઇન્સ.આઇ.કે.મોથલિયા તથા પો.સ.ઇ એમ.સી.જાડેજા નાઓ સાથે સર્વેલંસ સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન સાથેના પો.કો. કલ્પેશકુમાર વાલજીભાઇ બ..ન.૧૦૧૪૦ તથા પો.કો.નીતેશકુમાર વાલજીભાઇ બ.ન. ૮૨૯૭ નાઓને મળેલ ખાનગી બાતમી હકિકત આધારે મહાજનીયાવાસ રામાપીરના મંદીરની પાછળ આવેલ ખુલ્લી જગ્યામાં જાહેરમા ગોળ કુડાળુ વાળી પૈસા પાના થી હારજીતનો જુગાર રમીરમતા જુગાર દાવના તથા અંગઝડતીના નાણા- ૧૭,૧૬૦/- તથા ગંજીપાના – ૫૦/- કિંમત રૂ ૦૦/૦૦ ની મત્તા સાથે જુગાર રમી રમતા કુલ-૦૬ આરોપીઓ વિરુધ્ધમાં જુગાર ધારા કલમ-૧૨ મુજબ કાયદેસર કાર્યવાહિ કરેલ છે.તા.૦૫/૧૨/૨૦૨૦

### આરોપીઓના નામ;-

(૧) શાંતાબેન વા/ઓફ ગુલાબભાઇ લાલસિંહ જાતે.જાડેજા (છારા) ઉ.વ.૬૫ રહે.મહાજનીયાવાસ રામાપીરના મંદીરની પાછળ નરોડા પાટીયા અમદાવાદ શહેર

(૨) કરીશ્માબેન વા/ઓફ વિજયભાઇ જાતે.રાઠોડ ઉ.વ.૨૮ રહે. મહાજનીયાવાસ રામાપીરના મંદીરની પાછળ નરોડા પાટીયા અમદાવાદ

(૩) કંચનબેન રાકેશ ગુલાબસિંગ જાતે.જાડેજા (છારા) ઉ.વ.૪૦ રહે. મહાજનીયાવાસ રામાપીરના મંદીરની પાછળ નરોડા પાટીયા અમદાવાદ (૪) મેનાબેન વા/ઓફ રણજીત જાતે.પરમાર ઉ.વ.૩૫ રહે. મહાજનીયાવાસ રામાપીરના મંદીરની પાછળ નરોડા પાટીયા અમદાવાદ શહેર

(૫) રાકેશ ગુલાબસિંહ જાતે.જાડેજા ઉ.વ.૪૦ રહે. મહાજનીયાવાસ રામાપીરના મંદીરની પાછળ નરોડા પાટીયા અમદાવાદ શહેર

(૬) આનંદ મોહનભાઇ જાતે.રાઠોડ ઉ.વ.૨૩ રહે. મહાજનીયાવાસ રામાપીરના મંદીરની પાછળ નરોડા પાટીયા અમદાવાદ શહેર

## મુદ્દામાલ;-

(૧) અંગઝડતી તથા દાવના નાણા મળી કુલ્લે રૂપીયા-૧૭,૧૬૦/- (૨) ગંજીપાના નંગ -૫૦ કિંમત રૂપીયા ૦૦/૦૦ કુલ્લે મુદ્દામાલ;- ૧૭,૧૬૦ /-

## કામગીરી કરનાર અધીકારી/કર્મચારી;-

(૧) પોલીસ ઇન્સપેકટર સરદારનગર પો.સ્ટે (૨) પો.સબ.ઇન્સ આઇ.કે.મોથલિયા (૩)પો.સ.ઇ એમ.સી.જાડેજા (૪) હે.કો.રમેશસિહ કાળુસિહ બ.ન. ૯૪૨૧ (૫) પો.કો.કલ્પેશકુમાર વાલજીભાઇ બ..ન.૧૦૧૪૦ (૬) પો.કો.નીતેશકુમાર વાલજીભાઇ બ.ન. ૮૨૯૭ (૭) લોકરક્ષક અમરતભાઇ ઉમાજી બ.ન.૧૧૯૨૫ (૮) લોકરક્ષક પ્રજ્ઞેશકુમાર પોપટલાલ બ.ન. ૫૯૫ (૯)લોકરક્ષક સંજયકુમાર કનુભાઇ બ.ન. ૯૭૫ વિગેરે.

## પી.સી.બી.

## શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તાર માંથી તીન પત્તીનો જુગાર રમતા કાયદાના સંઘર્ષમા આવેલ કિશોર સહિત કુલ્લે ૨ ઈસમોને કુલ રૂ.૨૦,૭૦૦/- ની મત્તાના મુદામાલ સાથે ઝડપી પાડતી અમદાવાદ શહેર "પી.સી.બી."

મે. પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારૂ કાર્યવાહી કરવા સુચના કરતા જે આધારે પીસીબી ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેકટર શ્રી એ.ડી.ચાવડાના માર્ગદર્શન હેઠળ તા.૫/૧૨/૨૦૨૦ ના રોજ સ્ટાફના મસઈ જશવંતસિહ બળદેવસિહ, અહેકો રાજેન્દ્રસિહ જીવતસિહ, અહેકો મનોજ વિઠલભાઈ, અહેકો દિલીપસિહ પૃથ્વીસિહ તથા અપોકો પ્રિયવદન જયંતીલાલ તથા અન્ય સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન અપોકો પ્રિયવદન જયંતીલાલ તથા અહેકો મનોજ વિઠલભાઈ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે નરોડા રોડ ગવર્મેંટ ડી કોલોની પમ્પીગ સ્ટેશન પાછળ જાહેરમા આરોપીઓ (૧) દિનેશ રામાનંદ ગુપ્તા રહે.નવી ચાલી મહાકાળી મંદિર પાસે ચમનપુરા અસારવા અમદાવાદ તથા કાયદાના સંઘર્ષમા આવેલ કિશોર ઉ.વ.૧૭ વર્ષ ૬ માસ નાઓને તીન પતીનો હારજીત નો જુગાર રમી રમાડતા રોકડા રૂ.૧૨,૭૦૦/- તથા મોબાઇલ ફોનનંગ-૨ કિંમત રૂ. ૮૦૦૦/ તથા ગંજી પાના નંગ ૫૨ મળી કુલ કિંમત રૂ.૨૦,૭૦૦/- ની મત્તાના મુદામાલ સાથે પકડી પાડી તેમજ અન્ય ૫ આરોપીઓને વોન્ટેડ બતાવી તેઓની વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરી શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે 'બી' પાર્ટ ગુ.ર.ન. ૧૧૧૯૧૦૪૧૨૦૧૧૬૭/૨૦૨૦ જુગાર ધારા કલમ ૧૨ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

### પકડાયેલ આરોપી :

(૧) દિનેશ રામાનંદ ગુપ્તા રહે.નવી ચાલી મહાકાળી મંદિર પાસે ચમનપુરા અસારવા અમદાવાદ
(૨) કાયદાના સંઘર્ષમા આવેલ કિશોર ઉ.વ.૧૭ વર્ષ ૬ માસ

### વોન્ટેડ આરોપીઓ:

(૧) પ્રકાશ ઉર્ફે પકો રહે.ખાડાવાળી ચાલી રેલ્વે ક્રોસીગ પાસે નરોડા રોડ અમદાવાદ
(૨) વિપુલ ઉર્ફે વિકો ખાનીયા રહે. ગવર્મેંટ ડી કોલોની નરોડા રોડ અમદાવાદ શહેર
(૩) કિરણ વશરામભાઈ પરમાર રહે. ગવર્મેંટ ડી કોલોની નરોડા રોડ અમદાવાદ શહેર
(૪) ડોલી જેનુ પુરુ નામઠામ જાણવા મળેલ નથી
(૫) ભલો જેનુ પુરુ નામઠામ જાણવા મળેલ નથી

## ગુનાની જગ્યા :

નરોડા રોડ ગવર્મેંટ ડી કોલોની પમ્પીગ સ્ટેશન પાછળ  જાહેરમા

## પકડાયેલ મુદામાલ :

(૧) રોકડા રૂ. ૧૨,૭૦૦/- (૨) મોબાઇલ ફોન નંગ-૨ કિંમત રૂ. ૮૦૦૦ (૩) ગંજી પાના  નંગ ૫૨ મળી કુલ કિંમત રૂ.૨૦,૭૦૦/- ની  મત્તાનો મુદામાલ





# પાસાના આરોપીની અટકાયતની વિગત

## ઓઢવ પોલીસ સ્ટેશન

## પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબ શ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબ શ્રી. નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નરશ્રી. અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાઓ વિરૂધ્ધ પાસા હુકમ નં- PCB/DTN/PASA/1260/2020 તા. 05/12/2020 અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને રાજકોટ જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે. તા. ૦૫/૧૨/૨૦૨૦

## પાસા અટકાયતી

દિપકભાઇ ઉર્ફે પપ્પૂ સન/ઓફ બળદેવજી ડાભી ઉ વ ૩૯ રહેવાસી મ નં ૩ નેમીનાથ સોસાયટી સી એમ સી સામે ભવાનીંગરનો ટેકરો ઓઢવ અમદાવાદ શહેર

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો. સ. ઈ શ્રી ડી બી પલાસ તથા અ.હે.કો રાજેશભાઇ રમેશભાઇ બ.નં- ૬૭૭૯ તથા અ.હે.કો સંજયભાઇ કડવાજી બ નં ૫૨૦૭ તથા અ.પો.કો અશોકભાઇ મોહનભાઇ બ.નં. ૬૨૮૫ તથા અ.પો.કો જયદીપસિંહ કનુભાઇ બ. નં. ૧૨૯૪૭

ચાંદખેડા **પોલીસ સ્ટેશન**

## વિદેશી દારૂની હેરાફેરી કરતા ઇસમોને પાસા હેઠળ અટકાયત કરતી ચાંદખેડા પોલીસ

માનનીય પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૧ સાહેબશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ સાહેબશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબશ્રી 'એલ' ડિવીઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં પ્રોહી/જુગારની પ્રવૃત્તિ સદંતર નેસ્ત નાબુદ કરવા સુચના કરેલ હોય જે આધારે પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ચાંદખેડા પોલીસ સ્ટેશન નાઓના સુપરવિઝન હેઠળ અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે આવા ગુનાઓ આચરતા ઈસમો ઉપર સતત વોચ રાખી અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૮૨૦૧૧૯૫/૨૦૨૦ ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ તથા ગુજરાત નશાબંધી (સુધારા) અધિનિયમ ૨૦૧૬ ની કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબ ગુનાના કામના આરોપીઓ (૧) મહેન્દ્રભાઇ S/O રાણાભાઇ પુમરાભાઇ રબારી ઉ.વ.૩૨, રહે.ગામ: લાખણી, તા.લાખણી, જિ.બનાસકાંઠા હાલ રહે, ૬૪/૫૮૨, ચંદ્રભાગા હાઉસીંગ બોર્ડ, નારણપુરા ખોડીયાર ચોક, નવાવાડજ અમદાવાદ શહેર (૨) ગમુભાઇ ઉર્ફે ગોવિંદ સ/ઓ ચેલાભાઇ હકમાજી જાતે-રબારી ઉ.વ.૨૪ ધંધો-ડ્રાઇવીંગ રહે-મકાન નં-૩૩૬ મહેશ્વરીનગર વિભાગ-૦૧ અર્બુદાનગર તક્ષશિલાની બાજુમા ઓઢવ અમદાવાદ શહેર મુળ રહે-ગામ-દાંતિયા રબારીવાસ તા.સાંચોર થાના-સરવાણા જી-ઝાલોર રાજસ્થાન નાઓને ભારતીય બનાવટનો વિદેશી દારૂની નાની મોટી કુલ બોટલ નંગ ૨૯૩ કિ.રૂ.૪૧,૩૦૦/-નો મારૂતી બલેનો વાહન નં.RJ-16-CA-6073 કિ.રૂ.૫,૦૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૪ કિ.રૂ.૯,૫૦૦/- તથા રોકડ નાણાં રૂ.૬૭૦ મળી કુલ્લે કિ.રૂ. ૫,૫૧,૪૭૦/- ના મુદ્દામાલ સાથે મળી આવેલ હોય અને સદરી આરોપીઓની આવી પ્રવૃતિ પ્રોહી કલમ ૯૩ કે જી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય જેથી સદરી આરોપીઓ વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેરનાઓએ આરોપી નં.(૧) ને હુકમ ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૧૨૫૫/૨૦૨૦ તા.૦૪/૧૨/૨૦૨૦ થી પાલારા ખાસ જેલ ભુજ ખાતે પાસા અટકાયતમાં રહેવા હુકમ કરતાં સદરીને આજરોજ તા.૦૫/૧૨/૨૦૨૦ના કલાક ૧૮/૧૫ વાગે તથા આરોપી નં.(૨) નાને હુકમ ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૧૨૫૬/૨૦૨૦ તા.૦૪/૧૨/૨૦૨૦ થી રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરેલ સદરીને આજરોજ તા.૦૫/૧૨/૨૦૨૦ કલાક ૧૮/૨૫ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે મોકલી આપેલ છે.

## કામગીરી કરનાર :-

(૧) પોલીસ ઇન્સ્પેક્ટર કે.જે.ઝાલા

(૨) અ.હે.કો. નિખીલેષ દિપકભાઇ બ.નં.૮૫૩૯

(૩) પો.કોન્સ. ગુણવંતસિંહ અજીતસિંહ બ.નં.૬૬૭૮

(૪) પો.કોન્સ. પ્રકાશભાઇ કાંતીભાઇ બ.નં.૧૩૧૬૭



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૦૫/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૬ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી, ૧૩૦ લીટર દેશી દારૂ, ૯૬ બોટલ ઇંગ્લીશ દારૂ , ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૭ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૯,૫૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૦૬/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૧૦૭/૨૦૨૦**

**નિકોલઃ** દિપકભાઇ બાબુભાઇ સાવલીયા (ઉ.વ.૩૨) (રહે. સ્વસ્તિક હાર્મની ગેલેક્ષી બંગ્લોઝ સામે ગંગોત્રી હરીદર્શન રોડ નિકોલ) તા.૦૫/૧૨/૨૦૨૦ સાજના ૫/૦૦ વાગ્યાના સુમારે નિકોલ નરોડા રોડ ઉપર આવેલ પુનમ બેકરી સામે આવેલ રીચ કલેક્શન નામની કપડાની દુકાન આગળથી પોતાની કાર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે કાળા રંગની એક્ટીવા ઉપર આવેલ એક પુરૂષ એ કાર નજીક આવી દિપકભાઈને “તમે કેમ સાઇડ લાઇટ આપ્યા વગર ટર્ન લીધી” તેમ કહી દિપકભાઈને વાતોમાં વ્યસ્ત રાખ્યા હતા, દરમ્યાન તેના અન્ય મળતીયા વ્યક્તિએ કારની બીજી બાજુથી કારમાંથી રૂપિયા ૫,૦૦,૦૦૦/- સાથેની થેલી ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ દિપકભાઈ સાવલીયાએ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જે.ખાંટ ચલાવે છે.

**સેટેલાઈટઃ** પ્રેરણાબહેન કેતનકુમાર શુક્લા (રહે. અનુપમ સોસાયટી પાર્ટ-૧ જોધપુર ચાર રસ્તા સેટેલાઈટ) એ તા.૦૫/૧૨/૨૦૨૦ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૧૦/૨૦૨૦ થી તા.૧૩/૧૧/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૪,૨૭,૫૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.રવિયા ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૧૦૮/૨૦૨૦**

**વસ્ત્રાપુરઃ** આશિષભાઈ રાજુભાઇ વછેટા (રહે. શ્રીરામ પાર્ક સોસાયટી વિભાગ-૨ એક્તા ટાવર સામે વાસણા) એ તા.૦૫/૧૧/૨૦૨૦ રાતના ૧૧/૩૦ વાગે બોડકદેવ દિવ્યાં એપાર્ટમેન્ટના ગેટની સામે પોતાની ઇકો ગાડી નંબર જીજે ૦૧ કેયુ ૭૫૭૭ કિમત રૂપિયા ૩,૭૫,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૦૬/૧૧/૨૦૨૦ કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ આશિષભાઈ વછેટા એ તા.૦૫/૧૨/૨૦૨૦ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.ખત્રી ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૧૦૯/૨૦૨૦**

**ઓઢવઃ** બચુભાઇ કાળીદાસ પટેલ (ઉ.વ.૮૫) (રહે. ચંદ્ર સોસાયટી રાજેંદ્રપાર્ક ઓઢવ) ના ઘરમાં તા.૦૨/૧૨/૨૦૨૦ કલાક ૬/૦૦ વાગ્યાના સુમારે અગમ્ય કારણસર ગેસ લીકેજ થતા આગ લાગતા બચુભાઈ પટેલ દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૫/૧૨/૨૦૨૦ કલાક ૦૦/૧૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગણપતભાઇ નટવરભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧૧૦/૨૦૨૦**

**સાબરમતીઃ** સલોની ડો/ઓ જયશ્રીરામ ઠાકુર (ઉ.વ.૧૭) (રહે. નંદનવનની ચાલી છારાનગર સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૦૪/૧૨/૨૦૨૦ થી તા.૦૫/૧૨/૨૦૨૦ કલાક ૮/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના લોખંડની પાઇપ સાથે દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી એમ.પી.રાઠોડ ચલાવે છે.

**વાસણાઃ** કમલેશ નિવારણ ચૌધરી (ઉ.વ.૬૫) (રહે. સરણ-૨ સારાંશ પાર્ટી પ્લોટ સામે વાસણા) એ બિમારીથી કંટાળી તા.૦૫/૧૨/૨૦૨૦ કલાક ૪/૧૫ વાગ્યા પહેલા પોતાના ફ્લેટના ધાબા ઉપરથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દાનાભાઇ ડાહ્યાભાઇ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** અમરતભાઇ રેવાભાઇ સુતરીયા (ઉ.વ.૫૫) (રહે. જોગેશ્વરીનગર રામેશ્વર મેઘાણીનગર) એ બીમારીથી કંટાળી તા.૦૩/૧૨/૨૦૨૦ કલાક ૨૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીરના ગળાના ભાગે તીક્ષ્ણ વસ્તુથી બે-ત્રણ ઘસરકા મારી દેતા ઈજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યા સારવાર દરમયાન તા.૦૫/૧૨/૨૦૨૦ સાજના ૫/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર જયંતીલાલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી